# મહામહિમ રાજયપાલશ્રીના

# સંબોધન પર

# આભાર પ્રસ્તાવ ઉદ્‌બોધન

**ગુજરાતી સૂરજની સામે આંખ મીંચે અંધાર**
**આભે અડતી ઈચ્છાઓથી ઝૂકી ગયો સંસાર**
**જય હો જય ગુજરાત**

**વિનાશના વાવાઝોડાને કાયમ નાકાબંધી**
**પ્રેમપંથ પર સદા ચાલતી ધર્મકર્મની સંધી**
**નંબર વનના નારાનો વધી રહ્યો વિસ્તાર**
**જય હો જય ગુજરાત**

**લાગણીઓ થી લથબથ હૈયું**
**હોઠ ઉપર છે સ્મિત**
**ખાંભી પણ બેઠી થાશે એવા કંઈ ગાશું ગીત**
**ગર્વ અમારો ગિરનારી છે, નેહ નદીની ધાર**
**જય હો જય ગુજરાત**

**સ્વર ના સ્વર્ણિમ સંકલ્પો થી વિકાસ રથ રંગીશું**
**સોમનાથ ને દ્વારકેશ ના આશિષ અનરાધાર**
**સૌના સાથ અને પ્રયાસથી સપના સૌ સાકાર**
**જય હો જય ગુજરાત**

## પ્રસ્તાવના

સંત, શૂરા અને દાતારની, ગરવી ગુજરાતની આ પાવન ધરાને વંદન કરીને સૌ પ્રથમ હું રાજ્યપાલશ્રીના સંબોધન માટે તેમનો આભાર માનું છું. રાજ્યપાલશ્રીએ એમના અભિભાષણમાં સમગ્ર ગુજરાતની જનતા માટે, શિશુથી લઈને વયોવૃદ્ધ સુધીના પ્રત્યેક વ્યક્તિ માટે **'સર્વજન સુખાય - સર્વજન હિતાય'**નાં સૂત્રને ચરિતાર્થ કરતા, વિકાસનાં રાજમાર્ગ પર નવા મુકામો સ્થાપિત કરવા અંગે માર્ગદર્શન આપ્યું છે. સન્માનનીય રાજ્યપાલશ્રીને હું વંદન સહ અભિનંદન પાઠવું છું કે તેઓએ ગુજરાતના સર્વાંગી વિકાસની એક આગવી, નક્કર અને વાસ્તવિક બ્લ્યુ પ્રિન્ટ સાથે ગુજરાતના વિકાસનો નૂતન આલેખ રજૂ કર્યો છે.

# राम મંદિર

कंकर कंकर शंकर जिसका,
साँस साँस में गीता है
जन जन में राम बसे,
हर प्राण प्राण में सीता है

जीवन की धडकन रामायण,
पग पग पर बनी पुनीता है

जहाँ राम नहीं हैं साँसों में
तो प्राणों का घट रीता है

नर नाहर श्री पुरुषोत्तम का
हम मंदिर भव्य बनायेंगे
सौगन्ध राम की खाते हैं
हम मन्दिर वहीं बनायेंगे..

માનનીય અધ્યક્ષશ્રી,

- આપણે જાણીએ છીએ કે **૨૨ જાન્યુઆરી, ૨૦૨૪** નો દિવસ ભારતીય અસ્મિતાનો એક ઐતિહાસિક દિવસ હતો. ભગવાન રામલલ્લા પોતાના દિવ્ય, ભવ્ય મંદિરમાં બિરાજતાની સાથે એક નૂતન યુગનો આરંભ થયો છે. આ દિવસે ભારતની સાંસ્કૃતિક પુન: પ્રતિષ્ઠા થઇ અને ભારતનું સ્વાભિમાન જાગૃત થયું છે.
- છેલ્લા ૫૦૦ વર્ષ સુધી જે ઘડીની રાહ જોતા હતા તે ધન્ય ઘડી આપણને જોવા મળી છે. રામ મંદિર માટે લાખો લોકોએ કરેલ વર્ષોની તપશ્ચર્યાનું ફળ મળ્યું છે.
- ભારતીય બંધારણમાં શ્રી રામચંદ્રજીનું ચિત્ર આપેલું છે. શ્રી રામના આદર્શો અને રામરાજ્યની કલ્પના એ બંધારણના પાયાના સિધ્ધાંત છે. તેમ છતાંય શ્રી રામનું મંદિર બનાવવા માટે સ્વતંત્રતા પછી પણ પંચોતેર વર્ષ લાગ્યા છે, ખૂબ લાંબો સંઘર્ષ કરવો પડ્યો છે એ પણ એક હકીકત છે.

- આ દિવ્ય કાર્ય માટે ભારતની જનતા સહસ્ત્રાબ્દીઓ સુધી ભારતના આ જન–ગણ–મનના જનનાયક શ્રી નરેન્દ્રભાઈ મોદીને યાદ રાખશે. આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી રામ લલ્લાની માત્ર મૂર્તિની પ્રતિષ્ઠા નથી કરી, તેમણે ભારતની અસ્મિતાની પુન: પ્રતિષ્ઠા કરી છે.

**जय घोष हो रहा उसे सुनो,**
**कण कण में ज्वाला भर दी है**

**राम लला के चरणों पर**
**मुंडो की माला धर दी है**

**नर- नारी बालक संत सभी**
**मिल अवधपूरी को जायेंगे**

**राम राज्य के स्थापन का**
**हम उत्सव सदा मनाएंगे**

- આ રામમંદિર એ માત્ર ભગવાન રામનું મંદિર નથી. આ મંદિર તો ભારતના સનાતન મૂલ્યોનું મંદિર છે. આ મંદિર પરની ધ્વજા એ સત્ય, પ્રેમ અને કરુણાની ધ્વજા છે. આ મંદિરનું ગર્ભગૃહ એ કરોડો ભારતીયોનું હૃદય છે. ધૈર્ય, તિતિક્ષા અને ૫૦૦ વર્ષની પ્રતીક્ષા એ આ મંદિરના ઊંચા શિખરો છે. આ મંદિરનું દ્વાર એ ભવિષ્યના વિકસિત ભારતનું સિંહદ્વાર છે.
- અમે વર્ષોથી જોતા આવ્યા છીએ કે રામનામ આવે કે તરત જ કેટલાંક લોકોના નાકનું ટેરવું ઊંચું થઇ જાય. કારણ કે એમના માટે તો રામ એ કાલ્પનિક પાત્ર છે. એમના માટે રામાયણ પણ કાલ્પનિક છે. એટલે તમે આ પ્રાણ પ્રતિષ્ઠામાં ન ગયા. પણ યાદ રાખજો રામ એ ભારતના લોકોને પ્રાણથી પણ અધિક પ્રિય છે. મારા રામનું અપમાન એટલે ભારતના ૧૪૦ કરોડ ભારતીયોનું અપમાન, એટલે ભારતના લોકોએ હવે મનમાં નિશ્ચય કરી લીધો છે કે **જો રામ કા નહિ વો હમારે કિસી કામ કા નહિ..**

## **નૂતન અને પુરાતનનો સમન્વય**

- આ અમૃતકાળનો સમય ભારતનાં નવજાગરણનો સમય છે. નયા ભારતમાં આજે **નૂતન અને પુરાતનનો સમન્વય** થઇ રહ્યો છે.
- આજનું ભારત એટલે **ફીઝીકલ, ડીજીટલ અને સ્પીરીચ્યુઅલનો ત્રિવેણી સંગમ**.
- આજે આપણી પાસે **રામાયણ અને મહાભારતનું અધ્યાત્મ છે તો સાથે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ** પણ છે. આપણી પાસે **વેદથી લઇ વર્ચ્યુઅલ રીયાલીટી** સુધીની સફર છે.
- આપણી પાસે **રામજી પણ છે અને 5G પણ** છે.
- આધુનિક ટેક્નોલોજીની ઉડાન ભરવાની સાથે–સાથે આપણે આપણી સંસ્કૃતિ, આસ્થાને આજે પણ ભૂલ્યા નથી.

**મંદિરોનો જિર્ણોદ્ધાર**

- ૫૦૦–૫૦૦ વર્ષની પ્રતીક્ષા પછી મોદી સરકાર દ્વારા આજે **ભગવાન રામલલ્લાને મંદિરમાં** બિરાજવામાં આવ્યા છે. સાથે સાથે ભારતની સાંસ્કૃતિક રાજધાની એવી કાશી નગરીમાં **ભગવાન વિશ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર** થયો છે. **કાશી કોરિડોર** એ ભારતની સનાતન આસ્થાનું દિગ્વિજય દ્વાર છે. ભારતના હૃદયસમા **ઉજ્જૈનમાં** આવેલ મહાકાલના મંદિરે **મહાકાલ કોરિડોર**ના નિર્માણથી ભારતની દિવ્યતા અને ભવ્યતાના દર્શન થયા છે. હજારો વર્ષોથી જ્યાં અનેક સંતો તપ કરે છે એવા પાવન હિમાલયની ગોદમાં આવેલ **બદ્રી અને કેદારનાથના જીર્ણોદ્ધાર**થી ભારતની સનાતન સંસ્કૃતિનો ફરી જયઘોષ થયો છે. **પાવાગઢ**ના ડુંગર પર બિરાજમાન મા મહાકાળીના મંદિરે ૫૦૦ વર્ષ પછી ધજા લહેરાઈ છે. આ જ સાચા અર્થમાં ભારતનું સાંસ્કૃતિક પુન: જાગરણ છે.

**સંસ્કૃતિ સાથે સાથે વિકાસ**

- માનનીય મોદીજીએ આ દેશની સંસ્કૃતિનું રક્ષણ કરવા અને આપણી સનાતન આસ્થાને જીવંત રાખવાની સાથે–સાથે આ દેશને દુનિયાના નકશા પર વિકાસની રેખાઓ દ્વારા એ રીતે અંકિત કર્યો છે કે જેનાથી સમગ્ર વિશ્વમાં **નૂતન ભારતની નવી ઇમેજ** પ્રસ્થાપિત થઇ છે.
- મારા વિપક્ષના કેટલાક મિત્રો કહેતા હતા કે આ મંદિર બનાવવાની શી જરૂર છે. મંદિર બનાવવા કરતા આપણે નવી આઈઆઈટી ખોલવી જોઈએ, હોસ્પિટલો

બનાવવી જોઈએ.. **મિત્રો, અમે ટેમ્પલ પણ બનાવીએ છીએ અને દેશને વિકાસનું સેમ્પલ પણ બનાવીએ છીએ.** આ મિત્રોને હું જણાવવા માંગુ છું કે છેલ્લા નવ વર્ષમાં દેશમાં.....

- **૫૦૦ થી વધુ** નવી મેડિકલ કોલેજો શરુ થઇ છે.
- દેશમાં **AIIMS ની સંખ્યા ૨૫** થઇ છે.
- **૭ IITs, ૧૬ IIITs, ૩૯૦ યુનિવર્સિટીઓ**નું નિર્માણ થયુ છે.
- **મેડિકલની સીટ્સ ડબલ** થઇ છે.
- નેશનલ હાઈવેની લંબાઈ **૯૦ હજાર કિલોમીટરથી વધીને ૧ લાખ ૪૬ હજાર કિલોમીટર** થઈ ગઈ છે.
- ચાર માર્ગીય **રાષ્ટ્રીય ધોરીમાર્ગની લંબાઈ અઢી ગણી** વધી છે.
- **હાઇ–સ્પીડ કોરિડોર**ની લંબાઈ ૫૦૦ કિલોમીટર હતી, જે આજે **૪ હજાર કિલોમીટર** છે.
- **એરપોર્ટની સંખ્યા ૭૪ થી બમણી થઈને ૧૪૯** થઈ ગઈ છે.
- દેશમાં **૧૦ હજાર કિલોમીટરની ગેસ પાઈપલાઈન** નાખવામાં આવી છે.
- **૪ કરોડ ૧૦ લાખ ગરીબ પરિવારોને ઘરના ઘર** મળ્યા છે.
- **૧૧ કરોડ** ગ્રામીણ પરિવારો સુધી પ્રથમ વખત **નલ સે જલ** પહોંચ્યું છે.
- **૧૦ કરોડ ઉજ્જવલા ગેસ કનેક્શન** આપવામાં આવ્યા છે.

- પ્રગતિ માટેના અનેક પ્રયાસોનું આ પરિણામ છે .. એમ જ લોકો નથી કહેતા **મેરા દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ..**
- **ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાઇવર્સિટીની ત્રિપુટી** ભારતનાં દરેક સ્વપ્નને સાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- **ચંદ્રયાન અને ગગનયાન** દ્વારા ભારતે અવકાશમાં તિરંગો લહેરાવ્યો છે.
- આજે દુનિયાનો **સૌથી ઉંચો રેલ બ્રિજ** ક્યાં છે તો ભારતમાં છે. આજે વિશ્વનો **સૌથી ઉંચો વાહન માર્ગ** ક્યાં છે તો ભારતમાં છે, વિશ્વનું **સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ** ક્યાં

છે તો ભારતમાં છે, વિશ્વની **સૌથી ઊંચી પ્રતિમા** ક્યાં છે તો ભારતમાં છે, વિશ્વનો **સૌથી મોટો સોલાર વિન્ડ પાર્ક** ક્યાં છે તો ભારતમાં બની રહ્યો છે.

- ચાંદ પર પહોચવાની સાથે આ રાષ્ટ્ર એક સાંસ્કૃતિક રાષ્ટ્ર છે એ અમે ભૂલ્યા નથી. ચાંદ પર પહોંચ્યા પછી પણ જમીન સાથે જોડાયેલા રહેવું અઘરું હોય છે. **આજે ભારત ચંદ્રયાન મોકલે છે તો સાથે સાથે મેરી મીટ્ટી મેરા દેશના માધ્યમથી આ માતૃભૂમિની વંદના પણ કરે છે.** આજે જે કાંઈ થઇ રહ્યું છે તેમાં કેન્દ્રસ્થાને છે આ દેશ.. આ દેશના લોકો..
- એક સમય હતો જ્યારે ડ્રાયક્લીનિંગ માટેનાં કપડાં એરોપ્લેનમાં આવતાં હતાં, આજે **ચપ્પલવાળો ગરીબ માણસ વિમાનમાં ઉડી** રહ્યો છે. એક સમયે, નૌકાદળનાં યુદ્ધ જહાજોને રાજાઓ માટે, મોજ–મસ્તી કરવા માટે મોકલવામાં આવતાં હતાં. આજે એ જ **નેવીનાં જહાજોનો ઉપયોગ દૂરના દેશોમાં ફસાયેલા ભારતીયોને તેમના ઘરે લાવવા, ગરીબોને તેમના ઘરે લાવવા** માટે કરવામાં આવે છે.
- યાદ કરો **યુક્રેનના યુધ્ધ**માં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને, ગાઝા દ્વારા **ઈઝરાયેલ** પર થયેલ હુમલા વખતે ફસાયેલા ભારતીયોને.. આ તમામને **તિરંગાની છત્રછાયા નીચે** સુરક્ષિત રીતે ભારત લાવવાનું કામ આપણી સરકારે કર્યું છે. **માત્ર ભારત જ નહિ પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ પણ જયારે તિરંગો જોતા હતા ત્યારે તેમના મનમાં આશાનું કિરણ ઉગ્યું અને આપણે તેમને બચાવીને સુરક્ષિત સ્થાને પહોંચાડી દીધા**... આ છે વસુધૈવ કુટુમ્બકમનું વાસ્તવિક ઉદાહરણ...
- આ જ ભારતની સરકાર પોતાના **રાષ્ટ્રની અખંડીતતા અને સાર્વભોમ માટે પાકિસ્તાન હોય કે ચીન** લાલઆંખ કરતાં જરાય ખચકાતી નથી. દેશની અખંડિતતા અને સુરક્ષા ક્ષેત્રે આજે ભારત બીજા દેશો માટે દ્રષ્ટાંતરૂપ છે.
- આજે ભારત **સર્જીકલ સ્ટ્રાઈક** કરીને ઈંટનો જવાબ પથ્થરથી આપે છે. **એર સ્ટ્રાઈક** દ્વારા આપણે સંદેશ આપ્યો છે કે ભારતની ભૂમિ પર આતંક્વાદને હવે કોઈ પણ સંજોગોમાં સાંખી લેવામાં આવશે નહીં.
- **૩૭૦ની કલમ**ને હટાવવા કોઈ સ્વપ્ન પણ નહોતુ જોઈતુ એવી ૩૭૦ની કલમને એક જ ઝાટકે દૂર કરીને **શ્યામાપ્રસાદ મુખર્જીનું એક વિધાન, એક નિશાન અને એક સંવિધાન**નું સ્વપ્ન મોદી સરકારે સાકાર કર્યું.
- આ બધું ત્યારે શક્ય બને છે. જયારે નેતૃત્વના મનમાં એક જ ભાવ હોય કે **નેશન ફર્સ્ટ.. બીજું બધું નેક્સ્ટ.. નેશન ફર્સ્ટ....**

# **જી–૨૦ સમીટ**

માનનીય અધ્યક્ષશ્રી,

- મને કહેતા આનંદ થાય છે કે ભારતના પ્રધાનમંત્રીશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ભારત **સમગ્ર વિશ્વમાં** પોતાની નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહેલું ભારત **'વસુધૈવ કુટુમ્બકમ'**ના સનાતન મંત્ર થકી સમગ્ર વિશ્વને સત્ય, પ્રેમ, કરુણા અને મૈત્રીભાવના મૂલ્યો દ્વારા સમગ્ર વિશ્વની સાથે રહી વૈશ્વિક પ્રશ્નોના સમાધાન માટે અને વિશ્વ કલ્યાણ માટે તત્પર અને તૈયાર છે.
- તાજેતરમાં જ ભારત જી–૨૦ સમીટનું યજમાન બન્યું હતું; માનનીય રાજ્યપાલશ્રીએ તે ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ કર્યો. મારે આ ગૃહને કહેવું જોઈએ કે **જી–૨૦ સમીટની યજમાની** એ માત્ર એક ઈવેન્ટ નહોતી પરંતુ ભારતનું વિશ્વગુરુ બનવાની દિશામાં એક વિરાટ પગલું છે. આપણા પૂર્વજોએ જોયેલ સ્વર્ણિમ ભારતનું આ વિરાટ સ્વપ્ન 'અમૃતકાળ'માં આજે જી–૨૦ થકી સાકાર થયું છે. એક સમયે જે ભારતને વિશ્વના દેશો પછાત કે મદારીનો દેશ કહેતા હતા તેઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં આગવા વિઝનથી ફાસ્ટટ્રેક ઝડપે વિકસતા ભારતને જોઈ ભારત એક ગ્લોબલ લીડર છે, ભારતમાં અનેક સંભાવનાઓ છે તેવો સ્વિકાર પણ કર્યો છે.
- આ જી–૨૦ સમિટમાં વિશ્વના તમામ વિકસિત દેશના નેતાઓએ એકસૂરે એક જ વાત કહી છે કે નરેન્દ્ર મોદી એ ભારતની **ઉજ્જ્વળ આજ અને સ્વર્ણિમ આવતીકાલ** છે અને આવનાર સમય ભારતનો છે. વિશ્વના પ્રત્યેક દેશોએ માનનીય નરેન્દ્રભાઈની **આગવી નેતૃત્વશક્તિ**નો સ્વીકાર કર્યો છે. માનનીય નરેન્દ્રભાઈનો સ્વીકાર એટલે ભારતનો સ્વીકાર. એકસો પાંત્રીસ કરોડ ભારતીયોનો સ્વીકાર. **વૈશ્વિક કક્ષાએ** ભારતની આ સ્વીકૃતિ એ પ્રત્યેક ભારતીય માટે વિશેષ કરીને ગુજરાતીઓ માટે ગૌરવનો વિષય છે.

- આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં યોજાયેલ તમામ જી–૨૦ સમિટમાં ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતા અને મીઠો આવકાર આપવાની પરંપરાના દર્શન થયા છે. ગુજરાતમાં આવનાર પ્રત્યેક મહાનુભાવે ગુજરાતના પ્રેમ અને આતિથ્યસત્કારની અનુભૂતિ કરી છે. અહી આવનાર સૌએ ગુજરાતનું અભિવાદન કર્યું છે. આ માટે આપણે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

# ધોરડો

**કચ્છડે આવે કોડથી જોવા લાખો જણ;**

**લાગે વ્હાલું લોકને રૂડું કચ્છનું રણ–**

માનનીય અદ્યક્ષશ્રી,

- તાજેતરમાં જ દિલ્હી ખાતે યોજાયેલ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં આપણા કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરાવવામાં આવી. આપણા ટેબ્લોને શ્રેષ્ઠ ટેબ્લોની યાદીમાં સ્થાન મળ્યું.
- પણ શું આજથી વીસ વર્ષ પહેલા કોઈએ ધોરડો નામ પણ સાંભળ્યું હતું.??
- અત્યારે તમે જે આ સફેદ રણમાં ચાંદનીની ચાદર જુઓ છો તે સફેદ ચાદર પર વર્ષો સુધી અંધકાર છવાયેલો રહ્યો.
- **આ રણ માટે કહેવાતું કે ધોળું મીઠું ને કાળું લોહી..કાળી મજૂરી અને રાતા આંસુ.**
- વર્ષો સુધી અહીં કોઈ ફરકતું પણ નહોતું. પરંતુ આપણા નરેન્દ્રભાઈએ આ સફેદ રણની ચાદરને ઉદઘાટીત કરી અને આ સફેદ રણને મૂકી આપ્યું વિશ્વના નકશા પર.. તેમની આ દીર્ઘદ્રષ્ટિથી આજે વેરાન રણમાં ઉમટી રહ્યો છે માનવ મહેરામણ.
- રણોત્સવથી રણમાં ખીલ્યું ગુલાબ અને ધોરડો ધબકી ઉઠ્યું.. મને આ ગૃહને જણાવતા આનંદ અને ગૌરવ થાય છે કે વિશ્વના દોઢસોથી વધુ દેશના લોકો આ રણોત્સવ માણવા આવી ચુક્યા છે.
- આજે રણોત્સવ એ જીવનોત્સવ બન્યો છે.
- યુનાઈટેડ નેશન્સના વિશ્વ પ્રવાસન સંગઠન દ્વારા કચ્છના આ ધોરડોને બેસ્ટ ટુરીઝમ વિલેજ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.
- કચ્છમાં આવતા લાખો પ્રવાસીઓને કારણે હવે કચ્છના સ્થાનિક કલાકારો અને કારીગરો આત્મનિર્ભર બન્યા છે. કચ્છનું સફેદ રણ હવે હિન્દુસ્તાનનું તોરણ બની ગયું છે.
- રણની આ સફેદ રેતમાં વિકાસની રંગોળી પુરવાનું કાર્ય કરી રહ્યા છે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આપણી આ ગુજરાત સરકાર..

- વિકાસની આ યાત્રામાં હવે કચ્છ જરાયે પાછળ નથી... સતત..અવિરત વિકાસમંત્રને લઈ કચ્છ પુરપાટ દોડી રહ્યું છે વિકાસના રાજમાર્ગ પર.... કચ્છી આભલાના અજવાળા હવે પથરાયા છે વિશ્વફલક પર..આ માટે પણ આ ગૃહના સદસ્ય તરીકે માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલને અભિનંદન પાઠવું છું.

## કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યપાલશ્રીનું પ્રવચન એ સરકારની કામગીરીનું પ્રતિબિંબ છે. માનનીય રાજ્યપાલશ્રીનાં પ્રવચન સમયે આપ સૌને અનુભૂતિ થઇ હશે કે આ સરકાર વિવિધ યોજનાઓ અને પ્રકલ્પોના માધ્યમથી ગરીબ, વંચિત અને શોષિત લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવામાં સફળ રહી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોચી છે.

### પ્રધાનમંત્રી આવાસ યોજના

પહેલા ભાડાના મકાનમાં જીવન ગુજારતા કોમન મેનને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર મળતા હવે તેના ઘરના ઘરનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું છે, જેમાં એ શાંતિથી સૂઈ શકે છે.

### 'નલ સે જલ' યોજના

પહેલાના સમયમાં આ કોમનમેન જેવો સવારે ઉઠે કે તરત જ પાણી લેવા માટે ચાલીને દૂર સુધી જવું પડતું હતું. હવે 'નલ સે જલ' યોજનાના માધ્યમથી તેને ઘેર બેઠા પાણી મળે છે.

### ઉજ્જવલા યોજના

તેની પત્ની રોજ સવારે ચૂલો ફૂંકી ફૂંકીને થાકી જતી હતી. આજે આ કોમન મેનના ઘરમાં ઉજ્જવલા યોજનાથી ગેસનું કનેક્શન આવ્યું છે. જેના ઉપર આખો પરિવાર સરસ મજાની કડક મીઠી ચા બનાવી પીવે છે.

**હર ઘર શૌચાલય**

હર ઘર શૌચાલય અંતર્ગત ઘેર જ શોચાલય બન્યું છે. સ્વમાનભેર જીવવા માટેનું વાતાવરણ મળ્યું છે.

**સૂર્ય ગુજરાત–સોલર રૂફટોપ યોજના**

સૂર્ય ગુજરાત–સોલર રૂફટોપ યોજના હેઠળ આ કોમનમેને ઘર ઉપર સોલાર લગાવ્યું છે. જેનાથી ગરમ પાણી આવે છે. ગરમ પાણીથી નાહી ધોઈને તૈયાર થઇ જાય છે.

**સરસ્વતી સાધના યોજના**

બાળકો સરકારી શાળામાં ભણે છે. શાળાએ જવા તૈયાર છે. સરસ્વતી સાધના યોજના હેઠળ દીકરીને સાઈકલ મળી છે તે લઈને બંને બાળકો શાળાએ જાય છે.

**જન ધન યોજના**

આપણો આ કોમનમેન સવાર–સવારમાં બેંકમાં જાય છે જ્યાં જન ધન યોજના હેઠળ ખોલાવેલા ખાતામાં ટ્રાન્ઝેક્શન કરે છે.

**અટલ પેન્શન યોજના**

પોતાના ભાવિની સુરક્ષા માટે અટલ પેન્શન યોજનાનું ખાતું ખોલાવે છે.

**સુકન્યા સમૃદ્ધિ યોજના**

દીકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે સુકન્યા સમૃદ્ધિ યોજનામાં સામાન્ય રકમથી ખાતું ખોલાવે છે.

**પ્રધાનમંત્રી જન ઔષધી યોજના**

પોતાના વૃદ્ધ માતા–પિતા માટે પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરમાંથી રાહત દરે દવાઓ લઇ આવે છે.

**આયુષ્માન કાર્ડ**

સમગ્ર પરિવાર  માટે આયુષ્માન કાર્ડ કઢાવવાની અરજી કરે છે.

**સરકારી પરિવહન**

સરકારી બસમાં બેસીને પોતાની દુકાન પર જાય છે.

**પીએમ સ્વનિધિ યોજના**

કોમન મેને પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત સહાય મેળવી છે એટલે ધંધામાં રોજબરોજની મૂડી હવે વ્યાજે લાવવાની જરૂર નથી. છૂટા હાથે સરસ રીતે ધંધો કરી શકે છે.

**સ્વસહાય જૂથ**

પત્ની ઘેર બેઠા કમાય છે. તે સખી મંડળ દ્વારા ચાલતા સ્વસહાય જૂથમાં જોડાઈ છે અને ગૃહ ઉદ્યોગ દ્વારા આવક મેળવે છે.

**ડીજીટલ પેમેન્ટ**

સાંજ પડતા જ પત્ની શાકભાજી લેવા જાય છે. ખિસ્સામાં એક પણ રોકડો રૂપિયો નથી પણ ડીજીટલ ઇન્ડીયાના માધ્યમથી યુપીઆઈથી પેમેન્ટ કરે છે.

**મેટ્રો/બીઆરટીએસ**

કોમન મેન ધંધેથી મેટ્રો કે બીઆરટીએસમાં બેસીને પરત આવે છે.

**વન નેશન, વન રાશન**

સરકાર દ્વારા વન નેશન, વન રાશનના રેશન કાર્ડથી મળેલ અનાજથી પત્ની ફરી સાંજે ભોજન બનાવે છે. ભોજન લઈ, મોજથી પાછા સૂઈ જાય છે.

આ રીતે કેન્દ્ર અને રાજ્ય સરકારની દરેક યોજનાઓ હવે સાચા લાભાર્થી સુધી પહોંચી છે.

- આ તમામ યોજનાઓ **આધાર સાથે લીંક** થવાથી પારદર્શિતા અને ઝડપ વધી છે.
- **ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર**ને કારણે વચેટિયા પ્રથા, દલાલી જેવા દૂષણો હવે ઈતિહાસ બની ગયા છે.
- રાજ્યનો પ્રત્યેક નાગરિક સુશાસનની અનુભૂતિ કરી રહ્યો છે. સરકારી વ્યવસ્થા માટે દરેક વ્યક્તિને વિશ્વાસ બેઠો છે. આ વધી રહેલા વિશ્વાસનું કારણ આ દેશના વડાપ્રધાન મોદીજી ઉપર લોકોને ભરોસો છે, શ્રદ્ધા છે.
- માનનીય નરેન્દ્રભાઈ એ આ દેશ માટે, દેશના પ્રત્યેક નાગરિકની સુખાકારી માટે, દેશનાં ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર જીવન ખપાવી દીધું છે, પોતાના જીવનની પળે પળ ખપાવી દીધી છે.

**તન સમર્પિત, મન સમર્પિત ઔર યહ જીવન સમર્પિત...**

**સ્વપ્ન અર્પિત, પ્રશ્ન અર્પિત આયુ કા ક્ષણ ક્ષણ સમર્પિત..**

- માતૃભૂમિ પ્રત્યેના આ સમર્પણનો અહેસાસ દેશવાસીઓ ડગલે ને પગલે કરી રહ્યા છે એટલે જ દેશના લોકો કહે છે કે મોદી હૈ તો મુમકીન હૈ...ફિર એક બાર મોદી સરકાર...

# ગુજરાત અને ગુજરાત સરકાર

માનનીય અધ્યક્ષશ્રી,

- મૃદુ અને મક્કમ એવા અમારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાતની આ સરકારે કલ્યાણ રાજ્ય કોને કહેવાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આપણે છાતી ઠોકીને કહી શકીએ તેમ છીએ કે કલ્યાણ રાજ્ય કે રામરાજ્યની અનુભૂતિ કરવી હોય તો તમે ગુજરાતમાં આવો.

**ગુજરાત એટલે ગરબા, ગુજરાત એટલે વેપાર, ગુજરાત એટલે સ્વાદ, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે સંસ્કાર, ગુજરાત એટલે સૌજન્ય, ગુજરાત એટલે વંચિતોનો વિકાસ, ગુજરાત એટલે શિક્ષણનો સાગર, આરોગ્યમાં અગ્રેસર, નવા રસ્તાઓ તથા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે ગરવું ગુજરાત.**

- તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યના **વિકાસનો જે રાજમાર્ગ** કંડાર્યો છે તેના ઉપર વિશ્વાસ રાખીને ગુજરાતની જનતાએ ભરપૂર આશીર્વાદ આપ્યા છે. જનહિતના કાર્યો માટે જે વચન આપ્યા છે, જે કહ્યું છે એનાથી અધિક કરી બતાવ્યું છે.
- ગુજરાતનું માન દેશ અને દુનિયામાં વધારીને ગુજરાતને ભવ્ય અને દિવ્ય બનાવવાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની **કર્મઠ સરકાર**ની પ્રતિબદ્ધતા છે.
- છેલ્લા બે દાયકા કરતાં પણ વધુ સમયથી ગુજરાતમાં એક જ પક્ષની જનહિતલક્ષી કાર્યરીતિ અને સંન્નિષ્ઠ નીતિને લોકોએ મનથી સ્વીકારી તેમના અઢળક આશીર્વાદ આપ્યાં છે.
- વિકાસના પથ ઉપર જનતાના વિશ્વાસ અને સ્નેહની આ કડીને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની **"ટીમ ગુજરાત"** નિષ્ઠાપૂર્વક આગળ ધપાવી રહી છે.
- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સૌમ્ય, સરળ અને સહજ સ્વભાવ અને મક્કમ નિર્ણાયકતા સાથે પરિણામલક્ષી કામ કરવાની રીત પ્રત્યેક ગુજરાતી **બાંધવના હૃદયમાં** વસી ગઈ છે.

- ગુજરાત અને ગુજરાતી બાંધવોના સમગ્રતયા વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સૌજન્યપૂર્ણ વ્યવહાર અને મક્કમ નિર્ણય લેવાની કાર્યશૈલી જનજનમાં પ્રિય છે.
- ગુજરાતની જનતાની સેવા કરવાના બે વર્ષના સમયમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને એમની 'ટીમ ગુજરાત' એ તમામ ક્ષેત્રે વિકાસની રફ્તારને તેજ ગતિએ આગળ વધારી છે એની પ્રતીતિ ગુજરાતના ખૂણે ખૂણામાં થઈ રહી છે.
- આ ગૃહમાં વિકાસનાં પંચામૃત સમું રૂપિયા **૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડ**નું ઐતિહાસિક વિશાળ કદ ધરાવતું **નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫** માટેનું અંદાજપત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું છે. ગરીબો, વંચિતો, આદિવાસીઓ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને સૌ કોઈના વિકાસ માટેનો રોડમેપ તૈયાર કરીને એના ઉપર મક્કમતાથી ચાલવાની પ્રતિબદ્ધતાની જનજનને પ્રતીતિ થઈ રહી છે.
- ગુજરાતની જનતાને પ્રતીતિ થઈ રહી છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમની પડખે મક્કમતાપૂર્વક ખભેખભા મિલાવીને ઊભા છે.
- મુખ્યમંત્રીશ્રીએ શહેરી બાંધકામને નિયમિત કરવાનું વિધેયક વિધાનસભામાં પસાર કરાવીને શહેરી નાગરિકોની સુખાકારી માટે મક્કમ નિર્ણય લીધો છે. આ ઉપરાંત, માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ આપવા માટે મક્કમતાપૂર્વક નિર્ણય લઈને ગુજરાતી ભાષામાં શિક્ષણ ફરજિયાત કરવાનું વિધેયક અને સરકારી નોકરીઓમાં ભરતી પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અટકાવવા સંબંધિત વિધેયક વિધાનસભામાં પસાર કરીને જે મક્કમ પગલાં લીધા છે એની જનમાનસમાં મક્કમ સરકારના મુખ્યમંત્રી તરીકેની છાપ દ્રઢીભૂત થઈ છે.
- સૌને સાથે લઈને સૌના વિકાસ માટેનો શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે.

# વિવિધ વિભાગોની મહત્વની કામગીરી

માનનીય અધ્યક્ષશ્રી,

- ગુજરાત સરકારે વિકાસના રાજમાર્ગ પર આગળ વધવાની દિશામાં અનેક જનહિતકારી કાર્યો કર્યા છે. કૃષિ હોય કે શિક્ષણ, આરોગ્ય હોય કે પછી સહકાર હોય, કાયદો અને વ્યવસ્થા હોય કે પછી ટુરીઝમની વાત હોય, ઉદ્યોગ ક્ષેત્ર હોય કે પછી મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્ર હોય.... દરેક ક્ષેત્રમાં વિકાસની નવી દિશાઓ ખૂલી છે.
- આ સરકારનું વિકાસનું મોડેલ સર્વગ્રાહી અને સર્વસમાવેશક છે.
- ગુજરાતના પ્રત્યેક શહેર સુધી, નગર સુધી, ગામડાંઓ સુધી, અરે કચ્છ અને બનાસકાંઠાના છેવાડાના સરહદી પ્રદેશ સુધી વિકાસની આ વણથંભી યાત્રા પહોંચી છે.
- ગુજરાત સરકારના પ્રત્યેક વિભાગમાં એટલા બધા કાર્યો થયા છે કે મારે આ ગૃહને જણાવવા હોય તો દિવસોના દિવસો ઓછા પડે.
- આપણા પ્રસિદ્ધ કવિ મનોજ ખંડેરિયાએ કહ્યું હતું ને;

**મને સદભાગ્ય મળ્યું કે શબ્દો મળ્યા તારે નગર જાવા**
**ચરણ લઈ ચાલવા બેસું તો વરસોના વરસ લાગે**

- એટલે હું ઓછામાં ઓછા શબ્દો સાથે ગુજરાત સરકારના વિવિધ વિભાગોની મહત્વની કામગીરી આ સન્માનનીય ગૃહ અને ગુજરાતના નાગરિકો સમક્ષ સાદર પ્રસ્તુત કરું છું.

## કૃષિ અને ખેડૂત કલ્યાણ:

**धरती का पालनहारा है, यह हम सब का गुजारा हैं -**

**उम्मीदों को बोता रहेता, वह किसान हमारा है**

**जो मिट्टी को पानी से नहीं बल्कि अपने पसीने से सिंचे वह किसान हमारा है**

### મિલેટ્સ

- આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી એ મિલેટસના ઉપયોગ માટે આગ્રહ કર્યો છે. મીલેટ એટલે કે શ્રી અન્ન જેની માંગ ખૂબ નજીવા પ્રમાણમાં રહેતી હતી. તે આજે પ્રધાનમંત્રીશ્રીના આગ્રહથી અનેકગણી વધી ગઈ છે. જેને કારણે મિલેટસનું ઉત્પાદન કરતા ધરતીપુત્રની આવક વધી છે. જે જાડું ધાન શહેરોમાં કોઈ ખરીદતું નહોતું. તે શ્રી અન્ન આજે ઘર ઘર સુધી પહોચી ગયું છે. આપણો મકાઈ ઉગાડતો આદિવાસી, આપણો જાર ઉગાડતો ખેડૂત આર્થિક રીતે પગભર થયો છે. સાથે જ મીલેટસના ઉપયોગથી લોકોના સ્વાસ્થ્યમાં પણ સુધારો થયો છે.

### પ્રાકૃતિક કૃષિ

- આજે જ્યારે દુનિયા ઓર્ગેનિકની વાત કરે છે, નેચરલ ફાર્મિંગની વાત કરે છે ત્યારે *બેક ટુ બેઝીક* ની પણ વાત થતી રહે છે, કારણ કે તેના મૂળિયાં ભારત સાથે જોડાયેલા દેખાઈ રહ્યા છે.
- આપણા રાજ્યપાલશ્રી ગામે ગામ જાય છે. પ્રાકૃતિક કૃષિ માટે તેઓના પ્રવાસ અને પ્રયાસની સમગ્ર ભારતમાં નોંધ લેવાઈ છે. તેઓ પોતે ગામે ગામ જઈ ખેડૂતોને સમજાવે છે કે ધરતીમાતાને રાસાયણિક ખાતરરૂપી ઝેર આપવાનું બંધ કરો, જીવામૃત વાપરો, બીજામૃત વાપરો. ધરતી માતાનું શોષણ નહિ પણ સાચા અર્થમાં પોષણ કરો.

- માનનીય રાજ્યપાલશ્રીના અથાક પ્રયાસોથી આજે ડાંગ એ ગુજરાતનો પહેલો પ્રાકૃતિક કૃષિ કરતો જિલ્લો બન્યો છે.

- આપણે જાણીએ છીએ કે ભારત ત્યારે જ આત્મનિર્ભર બની શકે કે જ્યારે તેની ખેતી આત્મનિર્ભર બને. દરેકે દરેક ખેડૂત આત્મનિર્ભર બને. માનનીય રાજ્યપાલશ્રી આપણા પ્રધાનમંત્રીશ્રી એ આપેલ આત્મનિર્ભર ભારતના મંત્રને લઇ પ્રાકૃતિક કૃષિ માટે જન આંદોલન ચલાવી રહ્યા છે. આ માટે હું ટીમ ગુજરાત તેમજ સમગ્ર રાજ્ય વતી માનનીય રાજ્યપાલશ્રીનો આભાર માનું છું.

**ખેડૂત એટલે કે એક મોટી વોટ બેંક**

- પહેલાની સરકારો માટે ખેડૂત એટલે કે એક મોટી વોટ બેંક. બિચારો, બાપડો ખેડૂત આકાશી ખેતી કરે ને દેવું ભરે. માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કેન્દ્ર અને આપણી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે, ખેડૂત સમૃદ્ધ થાય, સશક્ત થાય તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષમાં બીજથી માંડીને બજાર સુધી ખેડૂતની આવક વધારવા માટે એક પછી એક અનેક કદમ ઉઠાવવામાં આવ્યા છે. માટીની તપાસથી માંડીને, સેંકડો નવા બીજ તૈયાર કરવા સુધી, પીએમ કિસાન સન્માન નિધિથી માંડીને પડતરથી દોઢ ગણી એમએસપી કરવા સુધી, સિંચાઈના સશક્ત નેટવર્કથી માંડીને કિસાન રેલવે સુધી અનેક કદમ ઉઠાવવામાં આવ્યા છે. આજે ખેડૂત હવાઈ મુસાફરી કરતો થયો છે. આધુનિક ટેકનોલોજી સાથે ડ્રોનથી દવાનો છંટકાવ કરતો ખેડૂત આજે સમૃદ્ધ થયો છે. આ બધા જ પરિણામો એટલા માટે મળી રહ્યા છે કે પહેલા નામદારની સરકાર હતી આજે કામદારની સરકાર છે.

**ખેડૂત કલ્યાણ યોજનાઓ**

- કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે **ઈન્ડેક્ષ–એ (iNDEXT-a)ની રચના**
- ગુજરાત **મગફળી અને દિવેલાના ઉત્પાદનમાં પ્રથમ નંબરે**
- ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ **૧૦ લાખ હેક્ટર** જેટલો વધારો
- નારીયેળીના વાવેતરને વધારા અને તેને સંલગ્ન ઉદ્યોગોનો વિકાસ કરવા માટે ગુજરાત **નારીયેળી વિકાસ મિશનની સ્થાપના**
- ખેત પેદાશની **ટેકાના ઉંચા ભાવે ખરીદી**
- પ્રાકૃતિક **આપત્તિ વખતે વળતર**
- પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે **૧૦–૧૦ ગ્રામ પંચાયતોનું એક એવા કુલ ૧૪૬૬ ક્લસ્ટર** બનાવવામાં આવ્યા
- **૨૩ લાખથી વધુ** ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં પ્રશિક્ષિત કર્યા
- **“ગુજરાત પ્રાકૃતિક ખેતી વિકાસ નિગમ”** ની સ્થાપના
- **“ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય”**ની સ્થાપના

## અન્ન અને નાગરિક પુરવઠો:

- માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ **'વન નેશન વન રાશન'**થી રાશનના લાભો દરિદ્રનારાયણ સુધી પહોંચ્યા છે.
- રાજ્યના અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોને મળતા યોજનાકીય લાભો અંતર્ગત ભારત સરકારની **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ વર્ષ-૨૦૨૩માં રાજ્યની કુલ ૩.૫૪ કરોડ જનસંખ્યાને વિનામૂલ્યે** માસિક ધોરણે ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે.
- વર્ષમાં આવતા બે તહેવારો **જન્માષ્ટમી અને દિવાળી** દરમ્યાન લાભાર્થી કુટુંબોને **કાર્ડ દીઠ ૧ લીટર ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ**નું રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર **સબસીડી** આપીને રાહત દરે વિતરણ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે **નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૩૮ લાખ સિંગતેલના પાઉચનું વિતરણ** કરવામાં આવેલ છે.
- **"પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના"** હેઠળ સમાવિષ્ટ **૩૮ લાખ લાભાર્થી કુટુંબો** તથા રાજ્ય સરકારની **"પીએનજી/એલપીજી સહાય યોજના"**ના લાભાર્થીઓ મળી રાજ્યના આશરે **૩૮.૨૦ લાખ લાભાર્થીઓને વર્ષમાં બે વખત વિનામૂલ્યે એલ.પી.જી. સીલીન્ડર રીફીલીંગ** કરી આપવામાં આવે છે. આ યોજનાથી રાજ્યના છેવાડાના સરહદી ગામો સુધી ગેસ સીલીન્ડર પહોંચ્યા છે અને મારી માતાઓ અને બહેનોને **ચૂલો ફૂંકવામાંથી રાહત** મળી છે.

## ઉદ્યોગ વિભાગ :

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકાસમંત્રને લઈને આપણે સત્યનિષ્ઠાપૂર્વક ચાલી રહ્યા છીએ. આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ "ટીમ ગુજરાતે" આજે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરીને ઊંચાઈના શિખરો સર કર્યા છે.

- મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે આરબીઆઈ એ બહાર પાડેલ બુલેટીન અનુસાર બેંકો અને નાણાકીય સંસ્થાઓ એ સૌથી વધુ વિશ્વાસ જો કોઈ રાજ્યમાં મુક્યો હોય તો તે ગુજરાત છે.

**માઈક્રોન**

- રાજ્ય સરકારે મેમરી ચીપ્સના ઉત્પાદન માટે **માઈક્રોન ટેકનોલોજી** સાથે MOU કરવામાં આવેલ છે. જેમાં માઈક્રોન દ્વારા સાણંદ ખાતે રૂ**. ૨૨,૫૧૬ કરોડના ખર્ચે સેમીકન્ડકટર પ્લાન્ટ** સ્થાપિત કરવામાં આવશે.

**પીએમ મિત્ર પાર્ક**

- આ સાથે નવસારી જીલ્લાના વાંસી બોરસી ખાતે **૧૧૪૧ એકરમાં પીએમ મિત્ર પાર્ક** આકાર પામનાર છે.

**વાઈબ્રન્ટ સમિટ**

- વાઈબ્રન્ટ સમિટની ૧૦મી આવૃત્તિ સમૃદ્ધ ભારતનું ભવિષ્ય સુનિશ્ચિત કરતો ગોલ્ડન ગેટ-વે બનીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત@૨૦૪૭ને સાકાર કરશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં દ્રષ્ટિવંત નેતૃત્વ અને પરિણામલક્ષી આયોજનના કારણે આજે ગુજરાત રોકાણકારોનું માનીતું સ્થળ બન્યું છે. આ વખતની વાઈબ્રન્ટ સમિટમાં, કુલ **રૂ. ૨૬.૩૩ લાખ કરોડના રોકાણને આકર્ષિત કરતા ૪૧,૨૯૯ પ્રોજેક્ટ્સ માટે એમઓયુ** પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે આ સાથે ગુજરાતે કુલ **૯૮,૫૪૦ પ્રોજેક્ટ માટે કુલ રૂ. ૪૫ લાખ કરોડથી વધુના રોકાણ માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવાની ઐતિહાસિક સિદ્ધિ** હાંસલ કરી છે.

- ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતનાં **યુવાનોમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને આર્થિક પીઠબળ** પૂરું પાડી તેમના સપનાંઓને પાંખો આપવાનું કામ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અભૂતપૂર્વ રીતે કરી રહી છે.
- આજે આપણું ગુજરાત **'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ'** રેન્કિંગમાં સમગ્ર **દેશમાં બીજા ક્રમે** છે.

**સ્ટાર્ટઅપ**

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ મળે એ માટે સૌ **પ્રથમવાર સ્ટાર્ટઅપ કોન્ક્લેવ**નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં **૩૦૦ કરતાં પણ વધારે સ્ટાર્ટઅપનું પ્રદર્શન** યોજવામાં આવ્યું હતું જયારે **૧૫ કરતાં પણ વધારે નવીનત્તમ ક્ષેત્રો**ને લગતાં વિવિધ સ્ટાર્ટઅપનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આપણાં સૌ માટે એ ગૌરવનો વિષય છે કે **સતત ચોથા વર્ષે સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે** આવ્યું છે. અદભૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું ઉત્તમ ઉદાહરણ એટલે ગુજરાત કે જેણે સમગ્ર વિશ્વને **૯૦૦૦ કરતાં પણ વધુ સ્ટાર્ટઅપ્સ** છેલ્લાં વર્ષોમાં આપ્યાં.
- આજે ગુજરાતનો યુવાન સબળ બને એ માટે **શોધ યોજના અને યુવા સ્વાવલંબન યોજના** દ્વારા એક માર્ગદર્શક પથ કંડારવામાં આવ્યો છે.
- **સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી અને એપ્રેન્ટીસશીપ તાલીમો** દ્વારા તેમને પગભર બનાવવાની દિશામાં આપણે નક્કર પગલાં લીધા છે.
- ગુજરાતે અમૃતકાળમાં અમૃત બજેટ બનાવીને વિકસિત નવભારતના નિર્માણ માટે યુવાશક્તિના વિકાસને પ્રાથમિકતા આપી છે. વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, તે સમયે તેમણે કરેલા અથાક પ્રયત્નોને પરિણામે અનેક રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. ગુજરાતમાં જેમ–જેમ રોકાણો આવતા રહ્યા તેમ–તેમ દરેક ક્ષેત્રે વિકાસના નવા દ્વાર ખુલતા ગયા. કોઈને રોજગારી મળી, તો કોઈને પ્રેરણા. રોકાણો અને નોલેજ શેરીંગ વધતા ગુજરાતના યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા પણ વધી છે. ગુજરાતનો યુવાન હવે માત્ર નોકરી માંગનાર નહિ પણ નોકરી આપનાર બને તે દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે.

# શહેરી વિકાસ વિભાગ :

ભારત દેશે અમૃતકાળમાં પ્રવેશ કર્યો છે ત્યારે ૨૦૪૭ સુધીમાં ગુજરાતમાં ૭૦%થી વધુ શહેરીકરણ થવાની શક્યતા છે. શહેરી આયોજન અને વહીવટમાં પરિવર્તનકારી સુધારા થાય એ આ ઝડપી શહેરીકરણની માંગ છે. શહેરોને આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા "ઈઝ ઓફ લીવીંગ" અને "ઈઝ ઓફ અર્નીંગ" પર ધ્યાન આપવું અત્યંત આવશ્યક છે.

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

- આ યોજના અંતર્ગત ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ, સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ, શહેરી પરિવહન, શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો, ખાનગી સોસાયટીઓમાં જન ભાગીદારી યોજના વગેરે જેવા કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં આ યોજના માટે રૂ. ૫૦૭૩.૪૪ કરોડની ગ્રાંટની ફાળવણી સામે આશરે કુલ રૂ. ૫૦૭૩.૪૪ કરોડની રકમના ૧૫૧૮ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે.

**વૈશ્વિક વૃદ્ધિ કેન્દ્રો**

- ગુજરાતમાં વૈશ્વિક સ્તરની આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરીને નવા શહેરોનું નિર્માણ કરવામાં આવશે અને વર્તમાન શહેરોને નવી ઊંચાઈ આપીને તેમને **"વૈશ્વિક વૃદ્ધિ કેન્દ્રો"** (ગ્લોબલ ગ્રોથ સેન્ટર્સ)ના સ્વરૂપમાં વિકસિત કરવામાં આવશે.

**ગિફ્ટ સીટી**

- ગિફ્ટ સીટીનું **૮૮૬ એકરથી ૩૩૦૦ એકરમાં વિસ્તરણ** કરીને તેને ગ્લોબલ ફાઈનાન્સ હબ તરીકે વિકસિત કરવામાં આવશે. જેનાથી સમગ્ર વિશ્વમાં ગિફ્ટ સિટીની **"સીટી ઓફ મીલીયન ડ્રીમ્સ"** (સપનાનાં શહેર) તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત થશે. કુશળ માનવબળ પૂરું પાડવા ગિફ્ટ સીટીમાં **વિશ્વ કક્ષાની ફીનટેક તાલીમ સંસ્થા** હશે, જેનાથી કૌશલ્યવાન યુવાધન પ્રાપ્ત થશે. સ્ટાર્ટ અપ, સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા ગિફ્ટ સિટીમાં વિશેષ જગ્યા ફાળવવામાં આવશે.

- આપણા શહેરો સમૃદ્ધ હોવાની સાથે સ્વચ્છ હોય તે જરૂરી છે. આ શહેરોને વધુ સ્વચ્છ બનાવવાની નેમ સાથે **નિર્મળ ગુજરાત અભિયાન ૨.૦** શરુ કરવામાં આવેલ છે. તાજેતરમાં જ દેશભરના **સ્વચ્છતા રેન્કિંગમાં સુરતને દેશના સૌથી સ્વચ્છ શહેર**નો દરજ્જો પ્રાપ્ત થયેલ છે તે આપણા સૌ માટે ગૌરવનો વિષય છે.
- રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા શહેરીજનોને સુવિધા મળે અને વિકાસને વેગ મળે તે હેતુથી **૧૨૪ થી વધુ ટાઉન પ્લાનિંગ સ્કીમ**ને મંજૂરી આપવામાં આવેલ છે.
- શહેરમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થાય તે હેતુથી છેલ્લા બે વર્ષમાં **પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩.૧૬ લાખ આવાસનું નિર્માણ** કરવામાં આવ્યું છે.

## **પ્રવાસન વિભાગ:**

માનનીય અધ્યક્ષશ્રી,

એક શાયરે ખુબ સરસ લખ્યું છે,

**ना मंजिलों के लिए ना ही रास्तों के लिए**
**मेरा ये सफर है खुद से खुद की पहचान के लिए !**

પ્રવાસનથી સાંસ્કૃતિક આદાન–પ્રદાન શક્ય બને છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં ગુજરાત રાજ્ય પ્રવાસન માટે સમગ્ર વિશ્વને એક નવું વૈવિધ્ય આપ્યું છે. નૂતન અને પુરાતન સ્થળોએ જાહેર જનતાનું ધ્યાન ગુજરાત પ્રવાસન તરફ દોર્યું છે.

- વડનગર, નડાબેટ, ધોરડો, ધોળાવીરા સહિત અનેક સ્થળોએ માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણની ઉમદા કામગીરી થઇ છે.
- ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં જ **વારાણસી અને અયોધ્યા** ખાતે વર્ષ ૨૦૨૩માં **પ્રવાસન માહિતી કેન્દ્ર** શરુ કરવામાં આવેલ છે અને આવનાર સમયમાં **ગુજરાત યાત્રી ભવનનું પણ નિર્માણ** થવાનું કાર્ય પ્રગતિ પર છે.
- તરણેતરનો મેળો, નવરાત્રી મહોત્સવ, રણ મહોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ જેવા વિવિધ ઉત્સવોની ઉજવણી થાય છે જેમાં જૂની અને નવી પેઢી ઉત્સાહભેર ભાતીગળ સંસ્કૃતિને માણે અને જાણે છે.
- ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર હિન્દી ફિલ્મ જગતનો ખુબ પ્રતિષ્ઠિત એવો **૬૯મો ફિલ્મફેર એવોર્ડ** ગીફ્ટ સિટી – ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાઈ ગયો જે એક મહત્વની અને યાદગાર ઘટના છે. આ ફિલ્મ ફેરને કારણે ગુજરાત આગામી સમયમાં સીનેટુરીઝમનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યુ છે.

**યાત્રાધામો**

**રામ કાજ તો હો ગયા**
**અબ કૃષ્ણ કી ખાતીર મન બેચેન હૈ**
**કાશી ભી સજાઈ હૈ**
**મહાકાલ ભી સજાયા હૈ**
**અબ કાન્હા કા ઘર સજાએંગે**
**મથુરા ભી આએંગે**
**દ્વારિકા ભી જાએંગે**

- પહેલા રામ નગરી અયોધ્યાને સજાવી છે. હવે શ્યામ નગરી દ્વારિકાને પણ સજાવીશું. ભવ્ય દિવ્ય દ્વારિકા એ ભવસાગરની તારિકા છે. બેટ દ્વારકામાં સિગ્નેચર બ્રિજ બની રહ્યો છે તે કરોડો લોકોની આસ્થાને મંદિર સાથે જોડતો સેતુ હશે.. દ્વારિકામાં બની રહેલું કૃષ્ણ ભગવાનનું મ્યુઝિયમ એ દ્વારિકામાં ગોકુળ, વૃંદાવન અને વૈકુંઠનું દર્શન કરાવશે.
- ગુજરાતના પવિત્ર સ્થળો કે જેની સાથે કરોડો ભારતીયોની આસ્થા જોડાયેલી છે તે તમામ યાત્રાધામોના વિકાસ માટે અમે પ્રતિબદ્ધ છીએ. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા **પાવાગઢ, અંબાજી, દ્વારકા, સોમનાથ, ડાકોર, ગિરનાર, પાલીતાણા અને શામળાજી એમ આઠ યાત્રાધામો**ને પવિત્ર યાત્રાધામો તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે આ તમામ યાત્રાધામોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં તબક્કાવાર નક્કર કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- પૌરાણિક મહત્વ સાથે આધુનિકતાનો સમન્વય થાય તે માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. **શ્રવણ તીર્થ દર્શન યોજના, સિંધુ દર્શન યોજના, કૈલાશ માનસરોવર યોજના, શ્રી રામ જન્મભૂમિ – માતા શબરી સ્મૃતિ યાત્રા યોજના** હેઠળ અબાલ વૃદ્ધ એવા લાખો યાત્રાળુઓએ લાભ લીધો છે. **કુલ ૫૯૫.૫૪ કરોડના ૯૦ કામો** હાથ ધરવામાં આવેલ છે.

## **આરોગ્ય વિભાગ :**

- કોઈપણ સમાજના વિકાસનો માપદંડ નાગરિકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ પર નિર્ભર છે. ગુજરાતે માતાના ગર્ભથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી લોકોને આરોગ્ય વિષયક સુવિધાઓ મળી રહે તે માટે અનેકવિધ યોજનાઓનો અસરકારક અમલ કર્યો છે.
- ગુજરાતના **અંતરિયાળ વિસ્તાર**માં આજે સરકારી દવાખાના છે. આંગણવાડીઓ છે. માતા અને બાળકોના પોષણ માટે, તેમના સ્વાસ્થ્ય સંદર્ભે અનેક યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. પ્રત્યેક નાગરિકને તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ થાય તેવી રીતે યોજનાઓ ઘડીને તેનું સુચારુ અમલીકરણ થઈ રહ્યું છે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાત સરકારે ગરીબો, પીડિતો, શોષિતો, ગામડાના લોકો અને રાજ્યના જન–જનની સુખાકારી માટે અનેક આરોગ્યલક્ષી નિર્ણયો લીધા છે. જ્યાં દવાખાના ન હતા ત્યાં દવાખાના શરૂ કર્યા. જ્યાં દવા ન હતી ત્યાં દવા પહોંચાડી. જ્યાં આરોગ્યલક્ષી સાધનો ન હતા ત્યાં સાધનો પહોંચાડ્યા. દવા, ડોક્ટર, સેવા, સુશ્રૂષા બધું જ... અને તેના પગલે ગુજરાતમાં સર્જાઈ છે એક આરોગ્ય સુવિધાની સેવાસભર શ્રૃંખલા.
- રુપિયા ૪૨૦૦ કરોડની વર્લ્ડ બેંકની લોન તેમજ તાંત્રિક સહાય સાથે 'શ્રેષ્ઠ ગુજરાત' બહુ આયામી આરોગ્યલક્ષી યોજનાનો આગામી પાંચ વર્ષમાં અમલ કરવામાં આવશે. આ યોજના દ્વારા પેટાકેન્દ્રથી મેડિકલ કોલેજ સુધીની તમામ આરોગ્ય સંસ્થાઓમાં આરોગ્ય સેવાઓની ગુણાવત્તાનું સર્ટીફિકેશન કરાવવામાં આવશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'ટોકન નહીં, પરંતુ ટોટલ વિકાસ' ની વિચારધારાને આગળ ધપાવતા દેશમાં આરોગ્ય માળખાને કેટલાક લોકો અને વિસ્તાર પૂરતા સીમિત ન રાખી સર્વગ્રાહી બનાવ્યો છે.
- **વિશ્વની સૌથી એડવાન્સ મેડિકલ ફેસિલિટી ધરાવતી મેડિસિટી કાર્યાન્વિત થતાં અમદાવાદ મેડિકલ ટુરિઝમ હબ** બન્યું છે.
- વિશ્વના સૌથી મોટા આરોગ્ય વીમા કવચ **'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' અને ગુજરાતની 'મા યોજના'નું સંકલન** આજે ગુજરાતના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરીને આરોગ્ય સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.

- **PMJAY-મા યોજના અંતર્ગત રાજ્યના નાગરિકોને રૂ. 5 લાખની મળતી સહાયને બમણી કરીને રૂ.10 લાખ કરવામાં આવી છે.**
- આ વર્ષે **ગોધરા, પોરબંદર, મોરબી, રાજપીપળા અને નવસારી ખાતે મળીને કુલ પાંચ નવી જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ** શરૂ થતાં હાલમાં અત્યારે ગુજરાતમાં **કુલ 36 મેડિકલ કોલેજ** છે. જેમાં યુ.જી. અભ્યાસક્રમની **એમ.બી.બી.એસ.ની બેઠકો વર્ષ 2021–22 માં 5,700 હતી તે વધીને વર્ષ 2022–23માં 6,350** થઇ છે.
- નાગરીકોને શ્રેષ્ઠતમ આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત કરાવવા માટે રાજ્યમાં **પહેલી એઇમ્સ રાજકોટ ખાતે** શરુ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માત્ર વાતો નહિ, નક્કર કાર્યોના અભિગમ સાથે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલ વિકાસયાત્રા આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આગળ વધી રહી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં સમગ્ર ભારત વિશ્વપટલ પર ઉભરી રહ્યું છે. અટલજીએ લખ્યું હતુ કે–

**व्याप्त था बर्बर अंधियारा,**

**किन्तु चीर कर तम की छाती, चमका हिन्दुस्तान हमारा।**

**शत-शत आघातों को सहकर, जीवित हिन्दुस्तान हमारा।**

**जग के मस्तक पर रोली सा, शोभित हिन्दुस्तान हमारा।**

અટલજીના આ શબ્દો આજે આ કાળખંડમાં ભારતના સામર્થ્યનો પરિચય આપે છે. આજે ભારત એ **વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા** છે. વિશ્વની તમામ પ્રતિષ્ઠિત સંસ્થાઓ એક સૂરે ભારતનું જયગાન કરી રહી છે. આઈએમએફ પોતાના એક વર્કીંગ પેપરમાં લખે છે કે ભારતમાં **અતિ ગરીબીનો લગભગ અંત** આવી ગયો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે, **જલ જીવન મિશન મારફતે ભારતમાં ચાર લાખ લોકોનો જીવ બચી રહ્યો** છે. **WHO કહે છે કે ભારત સ્વચ્છ** થઈ રહ્યું છે, આ એક ચમત્કાર છે. યુનિસેફે કહ્યું છે કે **સ્વચ્છ ભારત અભિયાનને કારણે દર વર્ષે ગરીબોનાં ૫૦ હજાર રૂપિયા બચી રહ્યાં** છે.

કેટલાંક રાજકીય પક્ષોને ભારતની આ સફળતાઓમાં અવિશ્વાસ છે. જે સચ્ચાઈ દુનિયાને દૂરથી દેખાઈ રહી છે, તે અહીં રહેતાં લોકોને દેખાતી નથી. આ તો એમની શાહમૃગવૃત્તિ છે. એમની આંખે સ્વાર્થના ચશ્માં છે. દુષ્યંત કુમારે આ પ્રકારના લોકો માટે ખૂબ જ સારી વાત કહી છે; તેમણે કહ્યું છે:–

**'તુમ્હારે પાંવ કે નીચે, કોઈ જમીન નહીં, કમાલ યે હૈ કિ ફિર ભી તુમ્હેં યકીન નહીં'.**

આ નકારાત્મક લોકોને, તુષ્ટિકરણની રાજનીતિ કરતાં લોકોને જનતા હવે ઓળખી ગઈ છે. યે પબ્લીક હૈ સબ જાનતી હૈ હવે ખરા અર્થમાં સાકાર થયું છે. ગુજરાતની અને ભારતની પ્રજા ઝંખે છે એકમાત્ર વિકાસ.. વિકાસ અને વિકાસ.. અને આ વિકાસને ધરાતલ પર લાવી શકે તેવું એકમાત્ર નેતૃત્વ જો કોઈ હોય તો આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. વિકસિત ગુજરાતના માધ્યમથી વિકસિત ભારતનું લક્ષ્ય સાકાર કરવા માટે ગુજરાત સરકાર અને ગુજરાતના સાડા છ કરોડ નાગરિકો કટિબદ્ધ છે.

અંતે કવિ દુષ્યંતકુમારને ફરી યાદ કરી મારી વાતને વિરામ આપું.

**સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહિ હૈ,**

**મેરી કોશિશ યહી હૈ કી સૂરત બદલની ચાહીએ..**

આ અમૃતકાળમાં આવો આપણે સૌ સાથે મળીને ગુજરાતની સૂરતને વધુ ખુબસુરત બનાવીએ.. ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતનું નિર્માણ કરીએ..

**જય જય ગરવી ગુજરાત**